Published on 20th July, 2019 RNI No.: MAHGUJ02153

# ઘોઘારી લોહાણા સામાજિક સંદેશ

# (Ghoghari Lohana Samajik Sandesh)

Year - 1 Volume - 1 Mumbai July - September 2019 Rs. - 5/-

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા



## પ્રમુખ સ્થાનેથી

આત્મીય જ્ઞાતિજનો,

નવા બંધારણમાં સૂચવાયેલા નિયમો મુજબ વરણી સમિતિની રચના, હવે પછીની મુદત માટે મહાજનના પ્રમુખ, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીઓની વરણી કરવા માટે કરાઈ હતી. વરણી સમિતિએ પ્રમુખપદ માટે મારી તથા ઉપપ્રમુખ તરીકે શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાના નામ પર મહોર મારી હતી. વરણી સમિતિના આ નિર્ણયને આપ બધાં એ ૨૬ મે ના મળેલી સામાન્ય સભામાં મંજૂરીની મહોર મારી હતી. આપ સર્વેના પ્રેમાગ્રહ તથા વિશ્વાસને નત મસ્તકે માથા પર ચડાવી પ્રમુખપદની જવાબદારી બીજી ટર્મ માટે સ્વીકારું છું.

મને અને મારા સાથીદારોને પૂરેપરો ખ્યાલ છે કે, જે ભરોસો આપ બધાએ અમારા પર મૂક્યો છે તેના કારણે અમારી જવાબદારી સમાજ પ્રત્યે ખૂબ વધી જાય છે.

આપણા મુખ-પત્રના છેલ્લા અંકમાં વિદાય લઈ રહેલા પ્રમુખ તરીકે અમારી ટીમે આપેલા વચનો તથા તેમાંથી જે કાર્યો અધૂરા રહી ગયા હતા, તે સર્વેની માહિતી આપ બધા સમક્ષ રજુ કરી હતી. હવે પછીની મુદત માટે જે જવાબદારી આપ બધા એ અમારી નવી ટીમ પર મુકી છે, તો આપ સૌને હું મારી ટીમ વતી વચન આપું છું કે, મહાજનના અધૂરા રહેલા સર્વ કાર્યો જેમ બને તેમ જલ્દી પૂરા કરવાની કોશિષ કરશું. આપણા સમાજની વાડીને ડેવલપ કરવા માટે જે કાનુની ગુંચ ઊભી થઈ છે, તે બહુ જલ્દી સુલઝાઈ જશે તેવું આશાનું કિરણ મને દેખાઈ રહ્યું છે. અધૂરા રહેલા સર્વ કાર્યો પાર પડશે તેવો ભરોસો આપ સૌને આપીએ છીએ, ત્યારે તે પાછળની સંપૂર્ણ જવાબદારીનો પણ ખ્યાલ છે. પરંતુ આપ સૌના આશીર્વાદ અને સહકારથી તથા ગણપતી બાપાની કૃપાથી આ બધા કાર્યો પૂરા થશે તેવો ભરોસો છે. આ ઉપરાંત આપણા સમાજના કોઈ પણ શિક્ષણ વાંછુ હોશિયાર વિદ્યાર્થીભાઈ-બહેન પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે તે માટે પણ આપ આપણે બધા સાથે મળી કામ કરશું.

આપણા સમાજના વડીલો તથા એકલા રહેતા જ્ઞાતિજનોને પોતાનું રોજિંદુ જીવન જીવવામાં કોઈ તકલીફ ન પડે તે માટે મહાજન દ્વારા એક કમિટીનું ગઠન કરવામાં આવશે. અને તે કમિટીના સભ્યો આવા એકલવાયા તથા વડીલ જ્ઞાતિજનોની મુલાકાત લઈ તેમની મુશ્કેલીઓનો ઉપાય બતાવશે.

મારી સાથે ઉપપ્રમુખ તરીકે વરાયેલા શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા નિષ્ઠાવાન અને સમર્પિત કાર્યકર્તા છે. અત્યાર સુધી મહાજન દ્વારા સોપાયેલ સર્વ જવાબદારી તેમણે ખૂબ નિષ્ઠાપૂર્વક પાર પાડી છે. આ સિવાય વરણી સમિતિએ વારા પ્રમાણે નિવૃત્ત થતા ટ્રસ્ટીઓની જગ્યાએ નવા ટ્રસ્ટીઓ તરીકે સર્વશ્રી જ્યોતિબેન ઠક્કર, કુ. ધર્મીબેન મગદાણી, શ્રી વ્યોમેશભાઈ રાજાણી અને શ્રી કૃણાલભાઈ ગઢિયાની વરણી કરેલ છે. તથા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે શ્રી પ્રવીણભાઈ મશરૂ તથા શ્રી નિખીલભાઈ આયાની વરણી કરેલ છે. આ બધા ટ્રસ્ટીઓ હંમેશા જ્ઞાતિ ઉત્કર્ષના કામ માટે સતત જાગૃત રહ્યા છે. અને સમાજના દરેક કાર્ય માટે તત્પર હોય છે. ટ્રસ્ટ મંડળના દરેક ટ્રસ્ટીઓના માર્ગદર્શન તથા મારી કારોબારીના સભ્યો અને જ્ઞાતિજનોના હકારાત્મક વિચારો અને સૂચનો સાથે આપણે બધા સાથે મળી કામ કરી આપણા મહાજનનું નામ રોશન કરશું.

પ્રમુખ તરીકેની મારી ગઈ ટર્મમાં મને સાથ આપનારા સર્વ કાર્યકર્તાઓ તથા જ્ઞાતિહિતના કાર્યોમાં અમે સતત જાગૃત રહીએ તે માટે અમારી ભૂલો કે અધૂરાશ પ્રત્યે અંગુલી નિર્દેશ કરનારા દરેક વ્યક્તિનો અમે બધા આભાર માનીએ છીએ. અને જ્ઞાતિનું હિત જેમના હૈયે વસ્યું છે તે સર્વેની સાથે મળીને આપણે બધા નિયમિત રીતે તેના પર ચર્ચા વિચારણા કરીને નવાં નવાં કાર્યો પાર પાડવાના પ્રયાસો કરશું.

- સતીષ વિઠલાણી

VAJANI

ફરજ • આદર • ગર્વ

*With Best Wishes From*

# *Vajani Foundation*

*a philanthropic initiative under the virtuous leadership of Smt. Bina Vajani*

*The wise work for the welfare of the world, without thought for themselves.*

*The offering of Wisdom is better than any material offering.*

*- Bhagavad Gita*

*54, Anand Lok, New Delhi - 110 049*

*Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057*

*E: vajanifoundation@vajanis.com*

# તંત્રી સ્થાનેથી

સુજ્ઞ જ્ઞાતિજનો,

વરણી સમિતિએ બીજી વખત આપણી જ્ઞાતિના પ્રમુખપદ માટે જેમના ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો તેવા દીર્ઘદ્રષ્ટા શ્રી સતીષભાઈ વિઠલાણીને અભિનંદન આપતા ખૂબ જ ગર્વ અનુભવાય છે. સહુની સાથે સાતત્યથી કામ કરનાર શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાને ઉપપ્રમુખ પદ માટે અભિનંદન! જૂના ટ્રસ્ટીઓ સાથે ખભે ખભા મિલાવી તેઓ જ્ઞાતિ હિતાર્થ કામ કરે તેવી શુભેચ્છા!

આપણી ૨૬.૫.૨૦૧૯ની વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલા સર્વેનો જ્ઞાતિ પ્રત્યેનો પ્રેમ તથા જાગૃતીને બિરદાવું છું.

સર્વે સમિતિઓ, સહ કાર્યકર્તાઓ, મારા સહતંત્રીઓ તથા ઑફિસના સ્ટાફના સાથ સહકારથી આ અંક આપની સમક્ષ મૂકતાં આનંદ અનુભવું છું.

**- રમેશ હરીલાલ ગઢીયા**

# વરણી સમિતિ – મીટીંગ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈની વરણી સમિતિના સભ્યોની સભા રવિવાર, તારીખ ૧૪.૦૪.૨૦૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ મધ્યે મળી હતી.

સભાના પ્રમુખ સ્થાને વરણી સમિતિના ચેરમેન શ્રી રમેશભાઈ વસાણી રહ્યાં હતાં.

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

સૌ પ્રથમ વરણી સમિતિની સભા તારીખ ૨૪.૦૨.૨૦૧૯ની મિનિટ્સનું વાંચન શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ કર્યુ હતું. મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ, રજુઆત કરતા શ્રી સતીષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે, નવા બંધારણ મુજબના ટ્રસ્ટ મંડળમાં ટૉટલ ૮(આઠ) ટ્રસ્ટીનું ટ્રસ્ટ મંડળ હોવું જોઈએ. નવા ટ્રસ્ટી તરીકે આવનાર ટ્રસ્ટી મહાજનના દરેક કામની સમજણ ધરાવતાં, કાયદાકીય તેમ જ એકાઉન્ટ બાબતે જ્ઞાન ધરાવતા અને પોતાનો પૂરતો સમય આપી શકે તેવા હોવા જરૂરી છે.

આ બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપસ્થિત દરેક સભ્યોએ તેમાં ભાગ લઈ પોતાના મંતવ્યો જણાવ્યા હતાં.

ચેરમેન શ્રી રમેશભાઈ વસાણીએ હાજર રહેલા દરેક સભ્યોને ઓછામાં ઓછા ૪(ચાર) ટ્રસ્ટીઓના નામ જેમાં ૧(એક) મહિલા ટ્રસ્ટીનું નામ હોય તે તારીખ ૨૧.૦૪.૨૦૧૯ પહેલા જણાવવા વિનંતી કરી હતી. જેને હાજર રહેલા સર્વે સભ્યોએ બહાલી આપીહતી.

ત્યારબાદ, વધારાનું કંઈ કામ-કાજ ન રહેતા ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની સભા પૂરી થયેલી જાહેર કરવામાં આવી હતી.

## DONATION

**Shri. Jitenbhai Kishanbhai Bhayani**

Borivali membership No. 1050 given Rs. 25,000/- as a Donation to our Ghoghari Lohana Mahajan Charitable Trust. He requested to use this money for School and College fees.

Rera Registration
A51700019498

**Dilip Tanna**

**DREAM PROPERTIES**

**Selling / Purchase / Leave Licence**
**Under New construction**

Mob.: 8898407827 / 9820228538 • E-mail : tannadilip19786@gmail.com
G 10, B Shanti Apartment No. 3, Moti Nagar Road,
Bhayander West, Thane - 401 101.

# કારોબારી સમિતિ - અહેવાલ

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની કારોબારી સમિતિની સભા તારીખ ૨૬.૦૫.૨૦૧૯ના રોજ રવિવારે સવારે ૯.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ખાતે મળી હતી. તેમાં અગત્યના કામો અને પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

## કાર્યસૂચિ

૧) ગત સભા તારીખ ૧૦.૦૩.૨૦૧૯ની મીનીટ્સનું વાંચન માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

૨) વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઑડિટેડ હિસાબોની પારદર્શી રજુઆત શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી.

૩) ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીએ બંધારણ મુજબ વરણી સમિતિએ સુચવેલ આગામી ટર્મ માટે પ્રમુખ, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીઓના નામોની રજુઆત કરી હતી. જેને કારોબારીમાં હાજર રહેલા સર્વે મેમ્બરોએ સર્વાનુમત્તે બહાલી આપી હતી. અને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. જે નીચે પ્રમાણે છે.

પ્રમુખ - શ્રી સતીષભાઈ વિઠલાણી
ઉપપ્રમુખ - શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા
નવા ટ્રસ્ટીઓ -:
૧) શ્રીમતી જ્યોતિબેન ઠક્કર
૨) કુ. ધર્મીબેન મગદાણી
૩) શ્રી કૃણાલભાઈ ગઢીયા
૪) શ્રી વ્યોમેશભાઈ રાજાણી

આ ઉપરાંત ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
૧) શ્રી પ્રવીણભાઈ મશરૂ
૨) શ્રી નિખિલભાઈ આયા

૪) અંધેરી લોહાણા ભુવનના પૂર્નવિકાસ અને લોહાણા ભુવન કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લિમિટેડ પાસેથી આવેલ શાંતિપૂર્ણ પતાવટની દરખાસ્ત અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

૫) મુંબઈ મકાન જીણા બોઘાની વાડીમાં ઓળખાયેલા ગેરકાયદેસર ઓક્યુપન્ટ / યુઝર્સ સામેની કાર્યવાહી અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

૬) પ્રમુખશ્રીની રજાથી વધારાના કામ-કાજની ચર્ચા કરતાં પ્રમુખશ્રી સતીષભાઈએ જણાવ્યું કે -

અ) આગામી ૧૫મી જૂનના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે મહાનુભાવોને આમંત્રણ-પત્રો મોકલવા.

બ) મહાજન ઉપર આ કાર્યક્રમના ખર્ચનો વધારે ભાર ન આવે તે માટે ડોનેશન તથા જાહેરખબરો અને બેનરો મૂકવા માટે બનતા પ્રયત્નો કરવા.

આ ઉપરાંત, યુવા સમિતિના કન્વીનર કુ. કાજોલ વજાણીએ તારીખ ૨૮.૦૪.૨૦૧૯ ના રવિવારે, સવારે ૧૧.૦૦ કલાકે અંધેરી વાડી ખાતે થયેલ મીટીંગની વિગતવાર રજુઆત કરી હતી.

વધારાનું કોઈ કામ-કાજ ન રહેતા સભા પૂર્ણ જાહેર કરાઈ હતી.

## આગામી કાર્યક્રમ



ભાગવત ભક્તિના પ્રચાર સાથે જ્ઞાન-વૈરાગ્યને પુષ્ટ કરવા પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) ના મધુરકંઠે કથામૃત પાન કરવા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન નવેમ્બર ૨૦૧૯માં કરવામાં આવેલ છે.

**: વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અનસુયાબેન ઠક્કર - ૯૩૨૨૨૬૦૫૧૪**
**શ્રીમાન મહેશભાઈ રાજા - ૯૮૨૦૫૧૮૦૦૦**
**શ્રીમાન દેવેન્દ્રભાઈ સોમૈયા - ૯૮૨૧૦૦૯૩૩૯**
**શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રા - ૯૮૨૦૩૬૪૮૧૮**

## જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરકયુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમને મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અથવા વોટ્સઅપ પર યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી. **મોબાઈલ નં. : ૯૯૮૭૨૪૦૪૦૪**

આપણા સમાજના સભ્યોના પરિવારના શુભ તથા અશુભ પ્રસંગોની નોંધ આપણા મુખપત્રમાં અનુકૂળતા અનુસાર વિનામૂલ્યે છાપવામાં આવશે, માહિતી ટૂંકમાં મોકલવા વિનંતી છે.

આ મુખપત્રમાં છપાયેલ માહિતી, લેખો, તથા અન્ય વિગતો મુખપત્રના પ્રકાશક, તંત્રી, કે લેખકની લેખિત પરવાનગી વગર અન્યત્ર છાપવી નહીં.

# રઘુવંશી સમાજનું ગૌરવ

આપણા લાડીલા, રઘુવંશી સમાજનું ગૌરવ એવા શ્રી મનોજભાઈ કોટકની લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાઈ તે માટે સમસ્ત રઘુવંશી સમાજ તથા શ્રી લોહાણા મહાપરિષદે તેમને અભિનંદન આપવા મુંબઈમાં તારીખ ૨૬.૦૪.૨૦૧૯ના દિવસે એક મિલન યોજ્યું હતું. અને સમસ્ત રઘુવંશીઓએ તેમને સાથ સહકારની ખાત્રી આપી હતી.









શ્રી મનોજભાઈ કોટક

મહારાષ્ટ્રમાં મુંબઈ ઈશાન પૂર્વ વિભાગની લોકસભા સીટ ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવાર તરીકે શ્રી મનોજભાઈ કોટકનું નામ જાહેર થતા આપણા રઘુવંશી સમાજે આનંદ તથા ગૌરવની લાગણી અનુભવી હતી.

શ્રી મનોજભાઈ કોટક એટલે આપણી જ્ઞાતિનું એક રત્ન, એક સેવાભાવી અને સંનિષ્ઠ કાર્યકર, સ્પષ્ટ વક્તા. સતત પ્રવૃતિશીલ એવી એક વ્યક્તિ કે જેમની નિમણૂંક તથા ભારી બહુમતીથી વિજયી થવા બદલ શ્રી ઘોઘારી લોહાણા મહાજન તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી રહ્યું છે.

તેમની દરેકે દરેક સેવા પ્રવૃતિઓમાં આપણું મહાજન તેમને સાથ-સહકાર આપવા બનતા બધા જ પ્રયત્ન કરશે.

## -: ખાસ નોંધ :-

મહાજનની વ્યવસ્થાપક સમિતિમાં જોડાઈ
તમારા એરિયાનું પ્રતિનિધિત્વ કરવા
૦૨૨ - ૨૬૨૮૩૭૧૫
પર ફોન કરી નામ નોંધાવા વિનંતી.

## Stand Up India - Start Up India

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, લઘુ રોજગાર દ્વારા પોતાના સ્વબળે આગળ અને ઉપર આવવા માગતા સભ્યોએ પોતાની યોગ્યતા પ્રમાણે તથા જરૂરિયાત મુજબ જરૂરી દસ્તાવેજો સાથે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે શ્રી મનોજભાઈ ગઢીયાનો સંપર્ક કરવો.

# વાર્ષિક સામાન્ય સભા - તારીખ ૨૬.૦૫.૨૦૧૯ અહેવાલ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તારીખ ૨૬.૦૫.૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮ ખાતે મળી હતી.

સભાની શરૂઆત ગણેશ વંદના અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

સભાનું સંચાલન કરતાં માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ ઉપસ્થિત સર્વે સભ્યો તથા મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું.

## કાર્યસૂચિ

૧) જ્ઞાતિ હિતાર્થે તન, મન, ધનથી સેવા આપનાર ડૉ. સૂર્યાબેન રૂપારેલીયાને શ્રધ્ધાંજલી આપતાં પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ તેમના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી અને સહુએ બે મિનીટનું મૌન પાળ્યું હતું.

ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કરે, પ્રમુખશ્રી સતીષભાઈના માતુશ્રી સ્વ. શ્રીમતી દમયંતીબેન ધીરજલાલ વિઠલાણીને શ્રધ્ધાંજલી આપતાં સ્વભાવે સરળ એવા દમયંતીબેને સતીષભાઈ અને રશ્મિબેનના રૂપમાં મહાજનને આપેલી અમૂલ્ય ભેટને હેમુભાઈ ગઢવીના દોહા દ્વારા નવાજી હતી.

૨) માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાએ તારીખ ૦૨.૦૬.૨૦૧૮ થી તારીખ ૨૫.૦૪.૨૦૧૯ સુધીમાં નવા નોંધાયેલ ૨૩(તેવીસ) સભ્યોના નામની રજુઆત કરી હતી અને તેમનું સ્વાગત કર્યું હતું.

૩) માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ તારીખ ૦૧.૦૭.૨૦૧૮ના રોજ યોજાયેલ ગત વાર્ષિક સભાની મિનિટ્‌સનું વાંચન કર્યુ હતું. જેમાં ૧૬૬ સભ્યોની ઐતિહાસિક હાજરીની નોંધ લેવામાં આવી હતી.

૪) માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈ પોપટે તારીખ ૦૧.૦૪.૨૦૧૮ થી તારીખ ૩૧.૦૩.૨૦૧૯ સુધીના વાર્ષિક અહેવાલની વિસ્તૃત પણે રજુઆત કરી હતી.

૫) શ્રી અજીતભાઈ ઠક્કરે મહાજનશ્રીના વર્ષ ૨૦૧૮ થી ૨૦૧૯ના ઓડિટેડ હિસાબોની પારદર્શી રજુઆત કરી હતી. કોઈને કંઈ પ્રશ્ન હોય તો પૂછવા જણાવ્યું હતું. તેના અનુસંધાનમાં શ્રી સતીષભાઈએ જણાવ્યું હતું કે, આપણા બધા જ હિસાબો **WEBSITE** પર રાખેલ છે. અને પ્રશ્નો પૂછવા એ અવિશ્વાસ નહીં પણ જાગરૂક્તાની નિશાની છે.

સમયસર તથા ચોકસાઈથી કામ કરવા બદલ શ્રી સતીષભાઈએ શ્રી અજીતભાઈને બિરદાવ્યાં હતાં.

૬) શ્રી અજીતભાઈ ઠક્કરે મહાજનશ્રીના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના આગામી બજેટની રજુઆત કરી હતી. શ્રી સતીષભાઈ વિઠલાણીએ તેમણે તથા શ્રી અજયભાઈ પોપટ તથા શ્રી કવિતભાઈ ગઢીયાએ આ માટે લીધેલી જહેમતને તાળીઓથી વધાવી હતી.





૭) મહાજનશ્રી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના હિસાબોને ઑડિટ કરવા મેસર્સ મદલાણી ઍન્ડ વિઠલાણી **(C.A)** ની ઓડિટર તરીકેની નિમણૂંક કરવામાં આવી હતી. અને ગત વર્ષ પ્રમાણે મહેનતાણું નક્કી કરવામાં આવ્યું હતું.

૮) શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાએ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન થનારી આગામી કાર્યક્રમોની વિસ્તૃત પણે માહિતી આપી હતી અને ઉપસ્થિત સભ્યોનો તેમના સૂચનો આપવા જણાવ્યું હતું.

૯) મુંબઈના મકાન શ્રી ઝીણા બોધાની વાડી તથા અંધેરી વાડીની કાર્યવાહીની રજુઆત કરતાં શ્રી સતીષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે, આ કાર્ય માટે બે(૨) અલગ કમિટિની રચના કરવામાં આવી છે. જેથી સરળતાથી તથા ઝડપથી કાર્ય થઈ શકે.






૧૦) વરણી સમિતિના ચેરમેન શ્રી રમેશભાઈ વસાણીની અનુપસ્થિતિ હોવાથી સામાન્ય સભામાં વરણી સમિતિએ સૂચવેલ તથા કારોબારી સભાએ મંજુર કરેલ નામોની રજુઆત શ્રી કુણાલભાઈએ કરી હતી. જેને સામાન્ય સભામાં હાજર રહેલા સર્વ ભાઈ-બહેનોએ સર્વાનુમતે બહાલી આપી હતી.

૧૧) **નવા બંધારણ મુજબ વરણી સમિતિ દ્વારા સૂચવાયેલા પ્રમુખ, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીઓના નામ :**

પ્રમુખ - શ્રી સતીષભાઈ વિઠલાણી
ઉપપ્રમુખ - શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા

**નવા ટ્રસ્ટીઓ :**

શ્રીમતી જ્યોતિબેન કીર્તિભાઈ ઠક્કર
કુ. ધર્મીબેન મગદાણી
શ્રી કૃણાલભાઈ ગઢીયા
શ્રી વ્યોમેશભાઈ રાજાણી

**ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ :**

શ્રી પ્રવીણભાઈ મશરૂ
શ્રી નિખિલભાઈ આયા

વરણી સમિતિના દરેક મહાનુભાવ અતિ વ્યસ્ત હોવા છતાં તેમણે આપેલા અમૂલ્ય સમયને તથા તેમના ઉમદા કાર્યને ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીએ તથા સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું.

૧૨) પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ ફરીથી પ્રમુખ સ્થાને તેમની વરણી થવા બદલ સહુનો આભાર માન્યો હતો. અને મહાજનની ગરિમા વધે તે માટે બનતા પ્રયત્નો કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. પોતાની સાથે




કામ કરનાર દરેકે દરેક સમિતિના સભ્યોના કામને બિરદાવ્યું હતું. પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ કમિટીના સભ્ય ડૉ. મીહિરભાઈ ખખ્ખરે મેડિકલ કેમ્પમાં વિના મુલ્ય ડેન્ટલ ચેકઅપની સેવા આપી હતી તે બદલ પુષ્પગુચ્છ આપી તેમનું અભિવાદન કર્યું હતું. પ્રમુખશ્રી સતીષભાઈએ દિવંગત થયેલા પોતાના સાથીદારોને પણ શ્રધ્ધાથી યાદ કર્યા હતાં.

ગત વર્ષોમાં થયેલ કાર્યોની અને આગામી વર્ષોમાં થનાર કાર્યોની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ આપણા સહુ માટે કેન્દ્ર સ્થાને રહેશે. સમાજનો કોઈપણ દિકરો કે દિકરી પૈસાના અભાવે શિક્ષણથી વંચિત ન રહેવા જોઈએ.

કાર્ય સરળતાથી તથા ઝડપથી થાય તે માટે સ્થાનિક પ્રતિનિધિઓ નિમવાની ઈચ્છા પ્રગટ કરી હતી તે માટે સ્થાનિક સભ્યોને આગળ આવવા અને અભિપ્રાય આપવા જણાવ્યું હતું. પ્રમુખશ્રીના કહેવાથી કુ. કાજોલ વજાણીએ યુવા સમિતિના કાર્યની રૂપરેખા આપી હતી.

શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા તથા શ્રી કૃણાલભાઈ ગઢિયાએ પણ સભાને સંબોધતા મહાજનના કાર્યને બિરદાવ્યું હતું.

ઉપસ્થિત સભ્યોમાંથી બે-ત્રણ સભ્યોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતાં.

૧૩) પ્રમુખશ્રીની રજાથી વધારાના કામ-કાજ અંગે ચર્ચા કરતાં આગામી સાંસ્કૃતિક કાર્યક્રમ વિશે લોકોને માહિતી અને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ, માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી એ આપણી જ્ઞાતિ માટે જે સપનાં જોયા છે. તેમને પૂરા કરવા માટે સહુની કટિબધ્ધતાં બતાવી હતી અને ગણપતિ બાપાની મહેરબાનીથી જરૂર પ્રગતિ સાધશું, તેવી શ્રધ્ધા વ્યક્ત કરી હતી.

પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી અને શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી રખાયેલ પ્રીતી ભોજન લઈ સહુ આત્મીયતાથી એકબીજાને મળી, ભવિષ્યના આયોજન સાથે છૂટા પડ્યા હતાં.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા મહાજનશ્રીએ ઠરાવેલ વિસ્તાર મુજબના જ્ઞાતિજનોને આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તથા સ્વાસ્થ્ય (મેડિકલ) સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ન સહાય પણ આપવામાં આવે છે.

જે પણ સભ્યોને એપ્રિલ ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ સુધી કોઈપણ સહાય જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી વગેરે લેવી હોય તેમણે **KYM** ફોર્મ પુરૂં ભરીને નીચે જણાવેલ બધા જ ડૉકયુમેન્ટ સાથે મહાજનશ્રીની ઑફિસમાં સમયસર જમા કરાવવા. જે માટેના જરૂરી ફોર્મ આપણી અંધેરીની વાડીના કાર્યાલયમાંથી પૂર્ણ વિગત સાથે ભરી જરૂરી દસ્તાવેજો સાથે ઑફિસમાં આપી જવા. નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. ઑફિસ - ૦૨૨-૨૬૨૮૩૭૧૫, મોબાઈલ - ૯૯૮૭૨ ૪૦૪૦૪.


**૧)** છેલ્લા ૬(છ) મહિનાના ઈલેકટ્રીક બીલ.
**૨)** છેલ્લા છ મહિનાના ટેલિફોનના બીલ.
**૩)** છેલ્લા છ મહિનાના મેઈનટેનન્સ બીલ.
**૪)** ઘરના દરેકે દરેક સભ્યોની છેલ્લા ૬(છ) મહિનાની પાસ બુક.
**૫)** દરેક સભ્યના પેનકાર્ડ, આધાર કાર્ડની કોપી તથા ફોટા.
**૬)** આવકનું પ્રમાણપત્ર અને **ITR** ની કોપી.

**નોંધ** : ઉપર જણાવેલ ડૉક્યુમેન્ટમાંથી કોઈપણ ડૉક્યુમેન્ટ નહી હોય તો અથવા ફોર્મમાં પૂરી વિગતો નહીં ભરાઈ હોય તો ફોર્મ રદ બાતલ ગણાશે.

# અંધેરી વાડી ખાતેનો હૉલ તથા ડાયનીંગ હોલ રસોડું તથા બે અદ્યતન રૂમો


મીટીંગ રૂમ


લગ્ન / પાર્ટી હૉલ


રૂમ નં. ૧


રૂમ નં. ૨


રસોડું


ડાયનીંગ રૂમ

**અગાઉથી બુકિંગ માટે સંપર્ક કરવો.**

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

## વાર્ષિક સામાન્ય સભા (AGM) માં નક્કી થયા મુજબ વરણી થયેલા પ્રમુખ, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીઓ



સતીષભાઈ વિઠલાણી

### પ્રમુખ : શ્રીમાન સતીષભાઈ વિઠલાણી

આર્ટ ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીના માલિક તેમજ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદના ટ્રસ્ટી, ઘણા વર્ષોથી શ્રી લોહાણા મહાપરિષદમાં સક્રિય રીતે કાર્યરત એવા શ્રીમાન સતીષભાઈ વિઠલાણી છેલ્લા ત્રણ વર્ષથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે. અને હાલમાં પણ આપના કાર્યોની પ્રશંસા કરતા ફરી વખત આપની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે.



દેવેન્દ્રભાઈ સોમૈયા

### ઉપપ્રમુખ : શ્રીમાન દેવેન્દ્રભાઈ સોમૈયા

શિક્ષણ : **B. Com., M.B.A.** આપશ્રી છેલ્લા ૩૦ વર્ષોથી સમાજસેવાના કાર્યો કરી રહ્યા છો. આપ શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી-પાર્લા)ના સંસ્થાપક ટ્રસ્ટી તથા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ અને ઘોઘારી લોહાણા મહાજન ચેરીટીબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છો. આપશ્રીએ શ્રી ઘોઘારી લોહાણા મહાજનમાં વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૫ સુધી મંત્રી તરીકે સેવા આપેલ છે.

વર્ષોથી બંધ પડેલી આપણી અંધેરી વાડીનું નવિનીકરણ કરી ફરી કાર્યરત કરવામાં તથા આપણા મહાજનના નવા બંધારણનું ગઠન કરવામાં આપનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ઈતિહાસમાં સર્વ પ્રથમ ક્રિકેટ ટીમની રચના કરવાનું શ્રેય પણ આપને જાય છે. સંસ્થાના વિકાસની જેમ જ આપના વ્યક્તિગત જીવનની સફળતા પણ નોંધનીય રહી છે.

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ

**: હાલના ટ્રસ્ટીઓ :**

૧) શ્રી કુણાલભાઈ પ્રજેશભાઈ વજાણી - ચેરમેન ટ્રસ્ટી
૨) શ્રી અજીતભાઈ લક્ષ્મીદાસ ઠક્કર - મેનેજીંગ ટ્રસ્ટી
૩) શ્રી સતીષભાઈ ધીરજલાલ વિઠલાણી - પ્રમુખ ટ્રસ્ટી
૪) શ્રી જનકભાઈ ચીમનલાલ ઠક્કર - ટ્રસ્ટી
૫) શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી - ટ્રસ્ટી

તેમના ટ્રસ્ટી પદે ચાલુ રહેશે. તથા રિકત થયેલ ટ્રસ્ટી પદો માટે ૪(ચાર) નવા ટ્રસ્ટી નિયુક્ત થયા છે.



જ્યોતિબેન ઠક્કર

### શ્રીમતી જ્યોતિબેન કીર્તિભાઈ ઠક્કર

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના હાલના વરણી થયેલ ટ્રસ્ટી શ્રીમતી જ્યોતિબેન કીર્તિભાઈ ઠક્કર **(M.A. With Clinical Psychology)** છેલ્લા ૫(પાંચ) વર્ષથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈમાં સેવા આપી રહ્યા છે.

તાજેતરમાં આપશ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા સમિતિના પ્રમુખપદે સેવા આપી રહ્યા છો. શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ (અંધેરી-પાર્લા) ના સૌ પ્રથમ મહિલા પ્રમુખ પદને શોભાવનાર આપશ્રી હાલમાં ઉપાધ્યક્ષના સ્થાને સેવા આપી રહ્યા છો. આપને **Women of substance** ના એવોર્ડથી પણ નવાજિત કરવામાં આવ્યા છે.



કુ. ધર્મીબેન મગદાણી

## કુ. ધર્મીબેન કનુભાઈ મગદાણી

શ્રી ઘોઘોરી લોહાણા મહાજનના હાલના વરણી થયેલા ટ્રસ્ટી કુ. ધર્મીબેન મગદાણી એક પ્રતિભાશાળી, બહુપરીમાણીય **(MULTI DIMENSIONAL)** વ્યક્તિ છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કનુભાઈ મગદાણીના આપ સુપુત્રી છો. અને આપે આપણા મહાજનનું ઉપપ્રમુખપદ પણ નિષ્ઠાથી સંભાળ્યુ હતું. મહાજનની શિક્ષણ સહાય સમિતિના આપ કન્વીનર પણ છો.

માઈક્રોબાયોલોજીસ્ટ અને બાયોટેકનોલોજીસ્ટ તરીકે કારકિર્દી શરૂ કરનાર આપ પાસે ગ્લોબલ ઓર્ગેનાઈઝેશન સાથે કામ કરવાનો ૧૮(અઢાર) વર્ષનો બહોળો અનુભવ છે. વ્યાપાર અને મૂડી રોકાણ ક્ષેત્રે ભારત, યુ.કે., યુરોપ અને મિડલ ઈસ્ટની ઘણી કંપનીઓને આપે માર્ગદર્શન આપ્યું છે. **CII, FICCI, NASSCOM, TIE** જેવી માતબર કંપનીઓ તરફથી આપને વક્તા તરીકે આવવા યુ.કે., મલેશીયા અને સીંગાપોરથી આમંત્રણ મળેલાં છે. ઈન્ડિયા વર્લ્ડ ઈકોનોમીક ફોરમમાં આપે બહેરીન સરકારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

હાલમાં આપ બહેરીન ઈકોનોમીક ડેવલપમેન્ટ બોર્ડના રીજનલ ડાયરેકટર છો. મલેશીયા તથા સીંગાપોરમાં નવી માર્કેટ ડેવલપ કરવાની જવાબદારી નિભાવો છો. પિતાના પગલે ચાલી સમાજસેવાના ક્ષેત્રે પણ કાર્યરત છો. કિડનીના દર્દીઓ માટેના એક એન.જી.ઓ. માં આપ કમિટી મેમ્બર છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજન આપની ટ્રસ્ટી તરીકેની નિમણૂંક બદલ ગૌરવ અનુભવે છે.



કૃણાલભાઈ ગઢીયા

## શ્રીમાન કૃણાલભાઈ યોગેશભાઈ ગઢીયા

આપશ્રી વ્યવસાયે એડવોકેટ અને સોલીસીટર (મુંબઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ ઑફ ઈંગ્લેંડ) છો. મે. ગોગ્રેટ્સ (એડવોકેટ અને સોલીસીટર્સ) માં પાર્ટનર છો. **NAREDCO (National Real Estate Development Council)** ના આપ પેટ્રોન મેમ્બર છો. આપે **RERA** ની કન્સલટેશન કમિટિમાં પણ ભાગ લીધેલો જે માટે આપને રાજયસભાની સીલેકશન કમીટી દ્વારા આમંત્રણ અપાયું હતું. આપે રજુ કરેલ મેમોરેન્ડમની રાજયસભામાં ૩૦ જુલાઈ ૨૦૧૫માં નોંધ લેવાઈ હતી.



વ્યોમેશભાઈ રાજાણી

## શ્રીમાન વ્યોમેશભાઈ રાજાણી

આપશ્રી ઈલેકટ્રોનિક એંજીનીયર અને એમ.બી.એ. છો. એલીવેટર્સનો આપનો વ્યવસાય છે. ઉપરાંત આપ પ્રોપર્ટી ડેવલપર્સ છો. ટેકનોક્રેટ વ્યક્તિ તરીકે પણ આપ કામ કરો છો.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની વરણી સમિતિમાં પણ આપ છો અને હાલમાં જ શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી પદે આપની નિમણૂંક થયેલ છે.

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

### : હાલના ટ્રસ્ટીઓ :

| | | | |
|---|---|---|---|
| ૧) શ્રી કુણાલભાઈ પ્રજેશભાઈ વજાણી | - ટ્રસ્ટી | ૬) શ્રી અજયભાઈ ચીમનલાલ પોપટ | - ટ્રસ્ટી |
| ૨) શ્રી સતીષભાઈ ધીરજલાલ વિઠલાણી | - ટ્રસ્ટી | ૭) શ્રી દેવેન્દ્રભાઈ પોપટલાલ સોમૈયા | - ટ્રસ્ટી |
| ૩) શ્રી અજીતભાઈ લક્ષ્મીદાસ ઠક્કર | - ટ્રસ્ટી | ૮) શ્રી મહેશભાઈ રતનશીભાઈ રાજા | - ટ્રસ્ટી |
| ૪) શ્રી જનકભાઈ ચીમનલાલ ઠક્કર | - ટ્રસ્ટી | ૯) શ્રી નેમિષભાઈ જયંતીલાલ સાયાણી | - ટ્રસ્ટી |
| ૫) શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી | - ટ્રસ્ટી | | |

તેમના ટ્રસ્ટી પદે ચાલુ રહેશે. તથા રિક્ત થયેલ ટ્રસ્ટી પદો માટે ૨(બે) નવ ટ્રસ્ટી નિયુક્ત થયા છે.


નિખીલભાઈ આયા

### શ્રીમાન નિખીલભાઈ રતીલાલ આયા

આપશ્રી ઓશાકા ફર્નીશીંગ લીમીટેડના ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર છો. ઈ.સ. ૧૯૭૧ માં સ્થાપિત થયેલા આપના વ્યવસાયે ૩૫ (પાંત્રીસ) વર્ષની યાત્રા દરમ્યાન વિલે પાર્લે, બોરીવલી, વિરાર અને રાજકોટમાં હરણફાળ ભરી છે. સોફા કવર, ઓશિકા, બેડ શીટ વગેરેમાં ઓશાકા આ બ્રાન્ડ નેમ ગણાય છે.


પ્રવીણભાઈ મશરૂ

### શ્રીમાન પ્રવીણભાઈ મશરૂ

આપશ્રી લોહાણા વિદ્યાર્થીભવન અંધેરીના ભૂતપૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી છો અને હાલમાં કારોબારી સભ્ય છો. વ્યવસાયે આપ સફળ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છો.

## બંધારણ મુજબ મહાજન દ્વારા ગઠન કરવામાં આવેલ બે(૨) સમિતિ ૧) વરણી સમિતિ ૨) સલાહકાર સમિતિના સભ્યો

## વરણી સમિતિ


સતીષભાઈ વિઠલાણી

### શ્રીમાન સતીષભાઈ વિઠલાણી

આર્ટ ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીના માલિક તેમજ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદના ટ્રસ્ટી, ઘણા વર્ષોથી શ્રી લોહાણા મહાપરિષદમાં સક્રિય રીતે કાર્યરત એવા શ્રીમાન સતીષભાઈ વિઠલાણી છેલ્લા ત્રણ વર્ષથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે. મહાજનના પ્રમુખની રૂયે આપ વરણી સમિતિના સભ્ય છો.


હીરાભાઈ વિઠલાણી

### શ્રીમાન હીરાભાઈ (હરગોવિંદભાઈ) કરસનદાસ વિઠલાણી

આપશ્રી ગ્લોબલ ગ્રુપના સ્થાપક અને ચેરમેન છો. એવીયેશન, લોજીસ્ટિક, પ્રવાસ ક્ષેત્રે ગ્લોબલ ગ્રુપ એક પ્રસિધ્ધ નામ છે. આપશ્રી એ ૪૫ વર્ષ પહેલા આ ગ્રુપની એકલે હાથે સ્થાપના કરી સફળતાના શિખરો સર કર્યા છે. ભારતના હાલના પ્રથમ ૩ **GSSA** ઓર્ગેનાઈઝેશનમાં ગ્લોબલ ગ્રુપની ગણના થાય છે. **Cargo Industry** માં પણ તે મહત્વનું સ્થાન ધરાવે છે. ભારત અને વિદેશના આપના પાર્ટનર્સ સાથે આપે સારા સંબંધો વિકસાવ્યા છે.

વ્યવસાયિક અને સામાજિક વર્તુળમાં આપ સારી ગુડવીલ ધરાવો છો. આપશ્રી અનેક સમાજોપયોગી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ એક દીર્ધદૃષ્ટા અને સ્વયં સિધ્ધ વ્યક્તિ છો. આપશ્રીનું વ્યક્તિત્વ અનેક લોકો માટે પ્રેરણારૂપ છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનને હંમેશા આપનો સાથ સહકાર રહ્યો છે.



રમેશભાઈ વસાણી

## શ્રીમાન રમેશભાઈ નંદલાલ વસાણી

આપ આપનો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ પૂર્ણ કરી, અંધેરીની ચિન્નાઈ કોલેજ ઓફ કોર્મસ એન્ડ ઈકોનોમિક્સમાં એકાઉન્ટન્સી, ઈન્કમ ટેક્સ, ઓડિટીંગ, કોસ્ટ એકાઉન્ટીંગ જેવા વિષયો માટે વિઝીટીંગ લેક્ચરર તરીકે ઘણા વર્ષો સુધી જોડાયેલા હતા.

હાલમાં આપ **C.A.** તરીકેની પ્રેક્ટીસ કરી રહ્યા છો. આપશ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરીના ભૂતપૂર્વ પ્રમુખ છો અને હાલમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજનની વરણી સમિતિના આપ ચેરમેન છો.



જનકભાઈ ઠક્કર

## શ્રીમાન જનકભાઈ ઠક્કર

આપશ્રી ખીમજી ભગવાન ચેરીટી ટ્રસ્ટના ચેરમેન ટ્રસ્ટી છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી છો. કાનબાઈ લાલબાઈ કન્યા શાળાના ટ્રસ્ટી છો. બાબરા ગામમાં આપના માતુશ્રી જસવંતીબેનના નામે કન્યાશાળા અને પિતાશ્રી ચીમનલાલના નામે કુમારશાળા ચલાવો છો.



જતીનભાઈ પોપટ

## શ્રીમાન જતીનભાઈ વિઠ્ઠલદાસ પોપટ

આપશ્રી ઘોઘારી લોહાણા મહાજનના માનદ્‌મંત્રી તરીકે ઘણાં વર્ષોથી સેવા આપી રહ્યા છો. આપનો કેમીકલનો પોતાનો સ્વતંત્ર વ્યવસાય છે.



અજીતભાઈ ઠક્કર

## શ્રીમાન અજીતભાઈ ઠક્કર

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના આપ મેનેજીંગ ટ્રસ્ટી છો. બી.કોમ., એલ.એલ.બી. નો આપનો અભ્યાસ છે. એવરગ્રીન ટેકનોલોજીસ પ્રા.લી. ના આપ મેનેજીંગ ડાયરેક્ટર છો. છેલ્લા ઘણા વર્ષોથી વાયરમેશ અને ફિલ્ટરીંગના સાધનોનું ઉત્પાદન કરવાના વ્યવસાય સાથે પણ સંકળાયેલા છો.



અજયભાઈ પોપટ

## શ્રીમાન અજયભાઈ ચીમનલાલ પોપટ

આપશ્રી બી.કોમ., એલ.એલ.બી. અને **FCA** છો. હાલમાં સુકાન એન્જીનીયરીંગ પ્રાઈવેટ લીમીટેડના ડાયરેક્ટર છો.



અષ્ટકાંતભાઈ સૂચક

### શ્રીમાન અષ્ટકાંતભાઈ સૂચક

આપશ્રીએ ઘોઘારી લોહાણા મહાજનના માજી ઉપપ્રમુખ તરીકે કામ કર્યું છે. મુંબઈમાં ડેકોરેશનનો વ્યવસાય ધરાવો છો. તથા સાવરકુંડલા અને ચોટીલામાં આપનું કન્સ્ટ્રકશનનું કામ છે. અમરેલીની ધ પીપલ કો. ઓપરેટીવ બેન્કમાં ડાયરેક્ટ છો.

આપે ૨૩(ત્રેવીસ) રક્તદાન શિબિરો કરી છે.૯(નવ) છાશ કેન્દ્રો ચલાવો છો. જલારામ મંદિરમાં પણ ૩(ત્રણ) વર્ષ યોગદાન આપ્યું છે. સાવરકુંડલામાં ઘણી સામાજિક પ્રવૃતિઓ ચલાવો છો.



પ્રવીણભાઈ મશરૂ

### શ્રીમાન પ્રવીણભાઈ મશરૂ

આપશ્રી લોહાણા વિદ્યાર્થીભવન અંધેરીના ભૂતપૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી છો અને હાલમાં કારોબારી સભ્ય છો. વ્યવસાયે આપ સફળ ચાર્ટડ એકાઉન્ટન્ટ છો. ઘોઘારી લોહાણા મહાજન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે હાલમાં આપની નિમણૂંક થયેલ છે.



પ્રવીણભાઈ વજાણી

### શ્રીમાન પ્રવીણભાઈ ચીમનલાલ વજાણી

આપશ્રી લોહાણા વિદ્યાર્થી ભવન-અંધેરીના ખજાનચી અને ટ્રસ્ટી તરીકે કાર્યરત છો. આપશ્રીએ ઘોઘારી લોહાણા મહાજનના પણ ભૂતપૂર્વ ખજાનચી તરીકે સેવા આપી છે.



વીરેન્દ્રભાઈ પજવાણી

### શ્રીમાન વીરેન્દ્રભાઈ ઈશ્વરલાલ પજવાણી

શિક્ષણ - બી.કોમ., એલ.એલ.બી.

આપશ્રી છેલ્લા ૪૫ વર્ષથી મુંબઈ હાઈ કોર્ટમાં ક્રિમિનલ વકીલ તરીકે પ્રેકટીસ કરી રહ્યાં છો. સેશન્સ કોર્ટમાં પણ ડિફેન્સ લોયર તરીકે પણ કાર્યરત છો. મહારાષ્ટ્ર રાજય તરફથી પબ્લિક પ્રોસીક્યુટર તરીકે આપે ૧૨(બાર) વર્ષ કામ કર્યું છે. સ્પેશીયલ પબ્લિક પ્રોસીક્યુટર તરીકે ગ્રેટર મુંબઈની સેશન્સ કોર્ટમાં પણ આપે ઘણું કામ કર્યું છે.



રજનીકાંત ગઢીયા

### શ્રીમાન રજનીકાંત એન. ગઢીયા

આપશ્રી લોહાણા વિદ્યાર્થી ભવન - અંધેરીના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છો. **R. R. INNOVATING PVT. LTD.** અને **R. NANDLAL AND SONS** આપની આ બે કંપનીઓ દ્વારા આપશ્રી કેમિકલના વ્યવસાયમાં બહુ જાણીતું નામ ધરાવો છો.



મિલીંદભાઈ ધાબળીવાળા

## શ્રીમાન મિલિંદભાઈ ધાબળીવાળા

આપશ્રી કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલા છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજનની વરણી સમિતિમાં આપની નિમણૂક થયેલ છે. દર વર્ષે વિદ્યાર્થીઓને આપ નોટ-બુક વિતરણ કરો છો. બંદેલા ફાઉન્ડેશન સાથે જોડાઈને સમાજના જરૂરિયાતમંદ લોકોની સેવા કરો છો.



વ્યોમેશભાઈ રાજાણી

## શ્રીમાન વ્યોમેશભાઈ રાજાણી

આપશ્રી ઈલેકટ્રોનિક એન્જિનીયર અને એમ.બી.એ. છો. એલીવેટર્સનો આપનો વ્યવસાય છે. આ ઉપરાંત પ્રોપર્ટી ડેવલપર્સ છો. ટેકનોક્રેટ વ્યક્તિ તરીકે પણ આપ કામ કરો છો.



જયેશભાઈ કારિયા

## શ્રીમાન જયેશભાઈ ત્રંબકલાલ કારિયા

પ્રમુખ - શ્રી કલ્યાણ લોહાણા મહાજન

ટ્રસ્ટી - શ્રી લોહાણા સમાજ સંગઠન (કોંકણ વિભાગ)

ઉપપ્રમુખ - શ્રી બૃહદ્ ગુજરાતી એજ્યુકેશન સોસાયટી , કલ્યાણ.



મહેશભાઈ રાજા

## શ્રીમાન મહેશભાઈ રાજા

આપશ્રી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના કમિટી મેમ્બર છો. ઘોઘારી લોહાણા ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના ટ્રસ્ટી છો. ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈની વરણી સમિતિના સભ્ય છો.

લોહાણા વિદ્યાર્થી ભવન, મુંબઈના આપ ટ્રસ્ટી અને ઉપપ્રમુખ છો. શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી-પાર્લા) ના પણ આપ ઉપપ્રમુખ છો.



અશ્વિનભાઈ સવાણી

## શ્રીમાન અશ્વિનભાઈ સવાણી

આપ સીડનમ કૉલેજથી **B.Com**. ડીગ્રી મેળવી સ્નાતક થયા છો. આપ ફિલ્મ તથા ગારમેન્ટના વ્યવસાય સાથે જોડાયેલા છો. આપ ઓલ ઈન્ડિયા એક્સપોર્ટર્સ ચેમ્બરના પ્રેસિડેન્ટ પદે પણ રહી ચૂકયા છો.

હાલમાં આપ ઈન્ટરનેશનલ ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટ તરીકે સેવા આપી રહ્યા છો.

## શ્રીમાન મહેશભાઈ રાયચૂરા



મહેશભાઈ રાયચૂરા

આપશ્રી ઘોઘારી લોહાણા મહાજનના સભ્ય છો. અને ઈસ ૧૯૯૪ થી લોહાણા યુવક મંડળના આજીવન સભ્ય છો. આપનો **PVC** લોફટ ટેન્કનો પોતાનો વ્યવસાય છે.

## શ્રીમતી રજનીબેન સાયાણી



રજનીબેન સાયાણી

આપશ્રી ઘોઘારી લોહાણા મહિલા મંડળ અંધેરીના ટ્રસ્ટી છે. શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા સમિતિના પણઆપ કમિટી મેમ્બર છો.

## શ્રીમતી સ્મિતાબેન જનકભાઈ ઠક્કર



સ્મિતાબેન ઠક્કર

આપશ્રીએ **M.A.** કરેલ છે. આપ મુંબઈ સ્ટોક એકસચેન્જના ત્રીજા મહિલા સ્ટોક બ્રોકર છો. હાલમાં **Investment Banking** ના વ્યવસાયમાં છો. આપશ્રી કુશળ મંગલ ટ્રસ્ટ ત્થા કેન્સર એડ એશોસીએસનમાં સેવા આપી રહ્યા છો.

## શ્રીમતી પ્રીતિબેન સુભાષભાઈ સોઢા



પ્રીતિબેન સોઢા

આપશ્રી શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના ટ્રસ્ટી છો.

**AIWC** ની મલાડ શાખાના આપ વાઈસ પ્રેસીડન્ટ છો. અને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના રીજનલ ચેરપર્સન છો.

# સલાહકાર સમિતિ

## શ્રીમાન સતીષભાઈ વિઠલાણી



સતીષભાઈ વિઠલાણી

આર્ટ ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રીના માલિક તેમજ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદના ટ્રસ્ટી, ઘણા વર્ષોથી શ્રી લોહાણા મહાપરિષદમાં સક્રિય રીતે કાર્યરત એવા શ્રીમાન સતીષભાઈ વિઠલાણી છેલ્લા ત્રણ વર્ષથી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે. મહાજનના પ્રમુખની રૂયે આપ સલાહકાર સમિતિના સભ્ય છો.

## શ્રીમાન ધીરેન્દ્રભાઈ કલ્યાણજીભાઈ રાજ (રાજપોપટ)



ધીરેન્દ્રભાઈ રાજ

આપશ્રીનો **U.A.E.** સાથે ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વ્યવસાયમાં ઈ.સ. ૧૯૯૮ થી સંકળાયેલા છો. મનસુખલાલ બ્રધર્સ ના નામે મુંબઈ-ફોર્ટ વિસ્તારમાં આપની ઑફિસ છે.

ગુજરાતી સમાજ, ઈન્ડિયન બિઝનેસ કાઉન્સિલ, ઈન્ડો અફઘાન એસોસીએશન (દુબઈ) જેવી સંસ્થાઓ સાથે આપ સામાજિક રીતે જોડાયેલાં છો.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સલાહકાર સમિતિમાં આપની વરણી થયેલ છે.

## શ્રીમાન મીતેશભાઈ ધાબળીવાળા



મીતેશભાઈ ધાબળીવાળા

આપશ્રી એલ.એલ.બી. અને કંપની સેક્રેટરીની પદવી ધરાવો છો. પરીખ એન્ડ એસોસીએટ્સમાં કંપની સેક્રેટરી છો. મીતેશ ધાબળીવાળા એન્ડ એસોસીએટ્સ ના સોલ પ્રોપ્રાયટર અને કંપની સેક્રેટરી છો. આપશ્રી **NSM & Co. LLP** ના પણ પાર્ટનર અને કંપની સેક્રેટરી છો. શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન અંધેરીના આપ ટ્રસ્ટી અને ઓનરરી સેક્રેટરી છો.

## શ્રીમાન સુભાષભાઈ (નાનુભાઈ) નગીનદાસ સોઢા



સુભાષભાઈ સોઢા

આપશ્રી લાયન્સ કલબ મલાડ માર્વેના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલના ટ્રસ્ટી છો. ઈ.સ. ૧૯૯૨ થી ૧૯૯૭ સુધી આપે મ્યુનિસીપલ કાઉન્સલર તરીકે ફરજ બજાવી છે. એમ. ડી. શાહ મહિલા કોલેજ **(S.N.D.T.)** મલાડ વેસ્ટની જનસેવા સમિતિના આપ મેનેજીંગ ડાયરેકર છો. **M.K.E. Society, N. L. High School** અને નગીનદાસ ખાંડવાલા કોલેજ - મલાડ વેસ્ટની મેનેજીંગ કમિટીના આપ સભ્ય છો.

લોકમાન્ય ક્રેડીટ સોસાયટી મલાડ વેસ્ટના આપ ઉપપ્રમુખ છો અને મલાડ વેલફેર ટ્રસ્ટના ટ્રસ્ટી છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સલાહકાર સમિતિમાં આપની નિમણૂંક થયેલ છે.

## શ્રીમાન વિનુભાઈ વસાણી



વિનુભાઈ વસાણી

આપશ્રી એ **LAB Technico** ના નામે કેમીકલ વ્યવસાયમાં મલ્ટીનેશનલ કંપનીઓ સાથે વ્યાપાર કર્યો છે. **All India Appliances Manufactures Association** ના આપ સ્થાપક છો. શ્રી જલારામ સેવા સંસ્થાન કાંદિવલી ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી અને હાલમાં મેનેજીંગ ટ્રસ્ટી છો. પ્રોપર્ટી ડેવલપર્સ તરીકે પણ સફળ થયા છો. સામાજિક, રાજકીય અને આર્થિક રીતે આપનું યોગદાન નોંધનીય રહ્યું છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના કારોબારી સભ્ય અને ટ્રસ્ટી પણ રહી ચૂક્યા છો. આપની અનેક પ્રવૃત્તિઓમાં શ્રી ઘોઘારી લોહાણા સમાજની સેવા હંમેશા કેન્દ્ર સ્થાને રહી છે.

## ડૉ. મનસુખલાલ ગિરધરલાલ ચોલેરા



ડૉ. મનસુખલાલ ચોલેરા

આપશ્રી મુંબઈ યુનિવર્સિટીથી **M.B.B.S.** ડીગ્રી મેળવી છે. છેલ્લા લગભગ ૫૦(પચાસ) વર્ષથી આપ મુંબઈ ગોરેગાવ વેસ્ટ, જવાહર નગર ખાતે **Family Physician** તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છો. આપ **CME** મેડિકલ ઈવેન્ટ **IMA,** ગોરેગામ ફેમેલી ફીજીસિયન મેડિકલ અસોસિએસન તથા એલોપથી ફેમિલી ફીજીસિયન અસોસિએસનમાં કાર્યરત છો. આપે ધણા વર્ષો સુધી શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈમાં મેડિકલ કન્વીનર તરીકે સેવા આપી છે.



પ્રવીણભાઈ વજાણી

### શ્રીમાન પ્રવીણભાઈ ચીમનલાલ વજાણી

આપશ્રી લોહાણા વિદ્યાર્થી ભવન-અંધેરીના ખજાનચી અને ટ્રસ્ટી તરીકે કાર્યરત છો. આપશ્રીએ ઘોઘારી લોહાણા મહાજનના પણ ભૂતપૂર્વ ખજાનચી તરીકે સેવા આપી છે.



કૃણાલભાઈ ગઢીયા

### શ્રીમાન કૃણાલભાઈ યોગેશભાઈ ગઢીયા

આપશ્રી વ્યવસાયે એડવોકેટ અને સોલીસીટર (મુંબઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ ઓફ ઈંગ્લેંડ) છો. મે. ગોગ્રેટ્સ (એડવોકેટ અને સોલીસીટર્સ) માં પાર્ટનર છો. **NAREDCO (National Real Estate Development Council)** ના આપ પેટ્રોન મેમ્બર છો. આપે **RERA** ની કન્સલટેશન કમિટિમાં પણ ભાગ લીધેલો જે માટે આપને રાજયસભાની સીલેકશન કમીટી દ્વારા આમંત્રણ અપાયું હતું. આપે રજુ કરેલ મેમોરેન્ડમની રાજયસભામાં ૩૦ જુલાઈ ૨૦૧૫ માં નોંધ લેવાઈ હતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સલાહકાર સમિતિમાં પણ આપ સ્થાન પામ્યા છો અને હાલમાં જ શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી પદે આપની નિમણૂંક થયેલ છે.



વ્યોમેશભાઈ રાજાણી

### શ્રીમાન વ્યોમેશભાઈ રાજાણી

આપશ્રી ઈલેકટ્રોનિક એન્જિનીયર અને એમ.બી.એ. છો. એલીવેટર્સનો આપનો વ્યવસાય છે. આ ઉપરાંત પ્રોપર્ટી ડેવલપર્સ છો. ટેકનોક્રેટ વ્યક્તિ તરીકે પણ આપ કામ કરો છો.



અશોકભાઈ પાંધી

### શ્રીમાન અશોકભાઈ વૃજલાલ પાંધી

આપ **M. Com., L.L.B., F.I.I.I.** માં સ્નાતક થયા છો. આપે **General Insurance Corporation** માં વર્ષો સુધી સેવા આપી હવે તે પદ ઉપરથી નિવૃત્ત થઈ હાલમાં આર્થિક સલાહકાર તરીકે પ્રવૃત છો.



પંકજભાઈ વિઠલાણી

### શ્રીમાન પંકજભાઈ વિઠલાણી

આપ ઈ.સ. ૧૯૧૫ થી ચાલતી ગિરધરલાલ ભીમજી કંપની જે ખેતી લક્ષી ઉત્પાદનના **EXPORT** અને **INDENTING** માં કાર્યરત છે. તેનું આપ સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છો. આ ઉપરાંત આપ જ્ઞાતિ સેવા અર્થે પણ આપનું યોગદાન આપો છો. આપ લોહાણા વિદ્યાર્થી ભવન-અમરેલી, પેરાજ મસ્કાઈ સ્ત્રી હુનર મંડળ અમરેલી, નાસિક મુંબઈ કોમર્શિયલ અસોસિએશન અને લક્ષ્મીબાઈ મેડિકલ ટ્રસ્ટ, મુંબઈના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છો. શ્રી ઘોઘારી લોહાણા મહાજનની સલાહકાર સમિતિમાં પણ આપ સેવા આપી રહ્યા છો.

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ

## ને હાર્દિક શુભેચ્છા





**જનક ચીમનલાલ ઠક્કર**

**સ્મીતા જનક ઠક્કર**

**કપિલ જનક ઠક્કર** — **નેહલ કપિલ ઠક્કર**

**હંસલ જનક ઠક્કર** — **પ્રિયા હંસલ ઠક્કર**

**આર્યન, માયરા, પુષ્ટી, ધારણ**

**માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)**

**શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)**

# શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતી



શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિના ઉપક્રમે તારીખ ૫.૪.૨૦૧૯ શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ) ખાતે સુજોક થેરેપી વર્કશોપ સર્ટીફિકેટ સાથે યોજવામાં આવેલ હતો. જે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમની શરૂઆત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહમહારાષ્ટ્ર મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા ઉપસ્થિત કારોબારીના દરેકે દરેક સભ્યોએ દિપ પ્રાગટ્યથી કરી હતી. કાર્યક્રમના સંચાલિકા શ્રીમતી મીનાબેન મગદાણીએ ત્યારબાદ મંગલ ગીતનું ગાન કર્યું હતું. જેમાં દરેકે દરેક ઉપસ્થિત બહેનોએ સાથ પૂરાવ્યો હતો.

પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે ઉપસ્થિત સર્વેનું પ્રેમપૂર્વક સ્વાગત કરતા રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીના વ્યક્તિત્વનો પરિચય આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ઉપપ્રમુખનું સ્થાન શોભાવનાર શ્રીમતી રશ્મિબેન કોઈપણ પરિચયના મોહતાજ નથી અને સદાય આપણા જ લાગે છે. આ સાથે તેમણે ઉપસ્થિત કારોબારીના દરેકે દરેક સભ્યોની પણ વ્યક્તિગત વિશેષતા જણાવતા તેમની સેવાને બિરદાવી હતી. આ ઉપરાંત મુખ્ય મહેમાન શ્રીમતી ડૉ. કવિતા રાજેન્દ્ર ચંદન, શ્રી ઘોઘારી લોહાણા મહિલા મંડળના ટ્રસ્ટી શ્રીમતી રમાબેન રાજા, સેક્રેટરી શ્રીમતી ઈલાબેન પોપટ, શ્રીમતી રેખાબેન વસાણી તથા શ્રી લોહાણા યુવક મંડળના શ્રીમતી મીરાબેન કેસરીયાનો તેમણે હૃદયપૂર્વક સ્વાગત કરતા આભાર માન્યો હતો. આ ઉપરાંત તેમણે શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો પણ તેમના દરેકે દરેક સમયે ઉપલબ્ધ સાથ માટે હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સંચાલિકા શ્રીમતી મીનાબેન મગદાણીએ પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરનો પરિચય આપતા તેમની વિવિધ ક્ષેત્રે સેવાઓને બિરદાવી હતી અને આભાર માન્યો હતો. ત્યારબાદ, મુખ્ય મહેમાન શ્રીમતી ડૉ. કવિતા રાજેન્દ્ર ચંદનનો પરિચય આપતા તેમણે જણાવ્યું હતું કે, શ્રીમતી ડૉ. કવિતાબહેને યોગ વિષયમાં પી.એચ.ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. સુજોક થેરેપી અને સ્માઈલ મેડિટેશનમાં માસ્ટરી મેળવી છે. લગભગ છેલ્લા ત્રીસ વર્ષથી આપ ઘાટકોપર બ્રાહ્મણ સમાજ સાથે જોડાયેલા છે. અને સેવા આપી રહ્યા છે. લગભગ ૩૦૦૦(ત્રણ હજાર) થી વધુ લોકોએ તેમની પાસે શિક્ષણનો લાભ લઈ અને સર્ટીફિકેટ મેળવ્યા છે.

શ્રીમતી કવિતાબેને કાર્યક્રમની શરૂઆતમાં **ILLNESS TO WELLNESS** તરફ જતા સુજોક થેરાપીની





સ્થાપના તથા તેના વિવિધ પાસા અને ખાસિયતોની બહું સુંદર રીતે સાદા દ્રષ્ટાંતો દ્વારા સમજણ આપી હતી. **AUDIO-VISUAL** દ્વારા અપાયેલી આ સમજણ ખરેખર જીવનોપયોગી હતી. અધરા વિષય પર સતત ૩(ત્રણ) કલાક ઉભા રહીને મધુર હાસ્ય સાથે દરેક દરેક પાસાને ઝીણવટપૂર્વક સમજાવીને શ્રોતાઓની જીજ્ઞાસા સંતોષી ઉપસ્થિત સર્વેના દિલ કવિતાબહેને જીતી લીધા હતા. કાર્યક્રમ પછી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેને ઉપસ્થિત દરેક દરેક બહેનોએ ન્યાય આપ્યો હતો. અને સંતોષની લાગણી અનુભવતા સર્ટીફીકેટ મેળવી સર્વે છૂટા પડ્યા હતા.

સુજોક થેરાપી વર્કશોપના આ કાર્યક્રમમાં મુંબઈથી સંસ્થાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, પ્રમુખ શ્રીમતી જ્યોતીબેન ઠક્કર, શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી અનસુયાબેન ઠક્કર, શ્રીમતી શોભાબેન સુબા, વાશી થી શ્રીમતી શિલ્પાબેન કારિયા, શ્રીમતી ભાવનાબેન કેસરીયા, શ્રીમતી મીનાબેન કારિયા, શ્રીમતી આશાબેન મણીધર, શ્રીમતી અનસુયાબેન ચોથાણી, ઘાટકોપર થી શ્રીમતી દેવયાનીબેન ઠક્કર, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના સહતંત્રી શ્રીમતી મીનાબેન મગદાણી તથા શ્રીમતી દિવ્યાબેન અઢિયા, શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ (અંધેરી-પાર્લા) થી શ્રીમતી મીરાબેન કેસરીયાએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




Mr. RAJNIKANT NANDLAL GADHIA
+91 98690 41875

Mr. RAJAN R GADHIA
+91 98203 03034

R R INNOVATIVE PVT. LTD.

R NANDLAL & SONS

IMPORTERS, STOCKIST & DISTRIBUTERS :-
CHEMICALS / SOLVENTS

OFF. :- B-9/10, KANMOOR HOUSE, 281/287 NARSHI NATHA STREET,
MASJID BUNDER, MUMBAI - 400 009.
TEL. : (O) +91 - 022 6120 7777 • FAX : +91 - 022 6120 7760 / 70
E-mail : chem@rrgroupindia.com • Website : www.rrgroupindia.com

GLOBAL

# Seasons Greetings

with Best Compliments from:

## Indira & Hirabhai Vithalani

Global Aviation Services Pvt Ltd · Global Airport & Ground Services Pvt Ltd · JTB Jupiter Express Services Pvt Ltd · JTB Travels Pvt Ltd · Global Leisure · BigSpring · Cosmic Heart Gallery · Global Agritech I Pvt Ltd





ચૈત્ર સુદ એકમ ગુડી પડવાથી ચૈત્ર સુદ નોમ - ભગવાન શ્રી રામનો જન્મોત્સવ એટલે ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસો! શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રીમાં માતાજીના ભજનો તથા ગરબાનો એક સુંદર કાર્યક્રમ તારીખ ૧૨.૦૪.૨૦૧૯ ના શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ) ખાતે યોજવામાં આવ્યો હતો.

તેજસ્વીતાના પ્રતીક જેવા શુભ લાલ રંગના વસ્ત્રોમાં શોભતી બહેનોના મોઢા પર ઉત્સાહ અને આંનદ દેખાતા હતા. કારોબારી સમિતિની બહેનોની મહેનત સર્વત્ર દેખાતી હતી. ટ્રસ્ટી બહેનો, આમંત્રિત બહેનો સહુની ઉપસ્થિતિમાં સમયસર કાર્યક્રમમી શરૂઆત થઈ. બોરીવલીના ભક્તિ ભજન મંડળના ૧૫(પંદર)બહેનોના ગ્રુપે બહુ જ સરસ ભજનો તથા ગરબા ગાઈ બધાને ભક્તિ-રસમાં તરબોળ કરી દીધા. ઢોલક - મંજિરા - કરતાલના સુભગ સંગીતના સાથે ભજનના શબ્દોથી વાડીનો વાતાનુકુલીત હૉલ ગુંજી રહ્યો હતો. ગરબાના તાલે બહેનોએ ધુમીને માતાજીને આરાધના કરી હતી.

અધ્યક્ષ, ટ્રસ્ટી તથા કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી રખાયેલ પવિત્ર પ્રસાદ અને સ્વાદિષ્ટ ફરાળી અલ્પાહારનો સહુએ આનંદ માણ્યો હતો. પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી બહેનો તથા કારોબારી સમિતિની સહુ બહેનોનું આયોજન અને મહેનત રંગ લાવ્યા હતાં. ઉપસ્થિત સર્વે સભ્ય બહેનોના ચહેરા પર સંતોષનું સ્મિત દેખાતું હતું.





## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.

૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.

૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.

૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.

૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.

## ખાસ નોંધ


પ્રસ્તુત અંકમાં પ્રકાશિત લેખો, મંતવ્યો તથા વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. લેખોમાં પ્રકાશિત માહિતીની જવાબદારી લેખ મોકલનારની અને જાહેરખબરમાં પ્રકાશિત માહિતીની જવાબદારી જાહેરખબર કર્તાની રહેશે. આ માટે મહાજનશ્રી, તેના પદાધિકારીઓ, સભ્યો, મુખપત્રના તંત્રી, સહતંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક જવાબદાર રહેશે નહીં.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના મુખપત્ર સંદેશમાં આપના વ્યવસાયની અથવા સૌજન્યની જાહેરખબર આપી જ્ઞાતિના કાર્યમાં સહભાગી થવા વિનંતી.

## જાહેર ખબરના દર

| | | |
|---|---|---|
| ફૂલ પેજ | - ૧૦,૦૦૦/- | - 7.25" x 9.25" |
| હાફ પેજ | - ૬,૦૦૦/- | - 7.25" x 4.50" |
| કવાર્ટર પેજ | - ૩,૦૦૦/- | - 3.75" x 4.50" |
| વિઝીટીંગ કાર્ડ | - ૫૦૦/- | - 3.75" x 2.15" |

જાહેર ખબરની રકમ એકાઉન્ટ પેઈડ ચેક દ્વારા **'શ્રી ઘોઘારી લોહાણા મહાજન'** ના નામે અંધેરી ઑફિસે મોકલવા વિનંતી.



# સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈના ઉપક્રમે તારીખ ૧૫.૦૬.૨૦૧૯ શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે જુહુ સ્કીમ, જલારામ હૉલ, વિલેપાર્લે (પશ્ચિમ) ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન.

શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ આટલા વર્ષોથી સમાજને કંઈક નવું આપવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે. તો આ વર્ષે પણ સમસ્ત લોહાણા સમાજના સભ્યોની પ્રતિભાને મંચ આપવાના પ્રયાસ રૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સ્વરૂચિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા સમાજમાં ઘણા એવા **Talented** (પ્રતિભાશાળી) સભ્યો અને બાળકો છે. જેમને યોગ્ય મંચ મળતું નથી ઉપરાંત પોતાનામાં રહેલી પ્રતિભાનો પરિચય પણ તેમને હોતો નથી. આજના આધુનિક યુગમાં આપણે ઘણા એવા **Talent Show** સોશિયલ મિડિયામાં પણ જોઈ રહ્યા છીએ. પરંતુ દરેક જણ ત્યાં સુધી સરળતાથી પહોંચી શકતું નથી. તે માટે શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ દ્વારા સમસ્ત લોહાણા સમાજમાં છુપાયેલી પ્રતિભાઓને વેગ આપવાનો એક અનેરો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમાન સતીષભાઈ વિઠલાણી, શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રીમતી સ્મિતાબેન ઠક્કર, શ્રી મહેશભાઈ રાજા, શ્રી યોગેશભાઈ ચંદારાણા, શ્રી પ્રવિણભાઈ મશરૂ, ડૉ. જીમુલીયા, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી સીમાબેન મનોજભાઈ કોટક, શ્રી ધીરૂભાઈ રાજા, શ્રી દિલીપભાઈ કોટક, શ્રી શૈલેષભાઈ વિઠલાણી, શ્રી અભયભાઈ તન્ના, શ્રી જયેશભાઈ જોબનપુત્રા, શ્રી તુષારભાઈ ગણાત્રા, શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રીમતી મીરાબેન કેસરીયાએ દીપ પ્રાગટ્યથી કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી મીના પ્રકાશ મગદાણીએ કર્યુ હતું. દીપ પ્રાગટ્ય પછી શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમાન સતીષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે, મહાજનના ઈતિહાસમાં આવો અદ્‌ભુત કાર્યક્રમ પ્રથમવાર નોંધાયો છે. શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રીમતી મીરાબેન કેસરીયાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે લીધેલી જહેમતને બિરદાવી હતી. આ ઉપરાંત ઉત્સવ કેટરર્સવાળા શ્રી યોગેશભાઈ ચંદારાણાના કાર્યક્રમને સફળ બનાવવા માટે અપાયેલ યોગદાન અને સપોર્ટને મહત્વના ગણાવ્યા હતા. અને દરેકે દરેક સ્પર્ધકોને પણ શુભેચ્છા પાઠવી હતી.

ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ કોઈપણ સારા કાર્યની શરૂઆત ગણપતિ વંદનથી કરવામાં આવે છે. તેવી રીતે સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત પણ કુ. વિધિ કક્કડના ગણેશ વંદના નૃત્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ, કુ. અસ્મી ગણાત્રા તથા કુ. સાક્ષી ઠક્કરે મહિસાસુર મર્દિનીનું સુંદર નૃત્ય રજુ કર્યું હતું. આ ઉપરાંત સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, સાસુ-વહુની તુતુ-મેમે, ગુજરાતી ગીત, હિન્દી ફિલ્મી ગીતો, વાદ્ય સંગીત, "અમો ગુજરાતી" ની ટ્રેનની સફરનું નાટક, મીમીક્રી, વગેરે અનેક વિવિધતા સ્પર્ધકો દ્વારા રજુ કરવામાં આવી હતી. પ્રેક્ષકોએ પણ ખૂબ જ રસપૂર્વક, ધીરજથી કાર્યક્રમ માણ્યો અને દરેક સ્પર્ધકને તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા. શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો **Slide Show** ઘણો જ માહિતીસભર રહ્યો હતો. આ **Slide Show** દ્વારા શ્રી ઘોઘારી





લોહાણા મહાજનની દરેકે દરેક પ્રવૃતિઓની સંપૂર્ણ માહિતી મળી હતી. આ ઉપરાંત **LED Screen** પર ગ્રાફિક્સ પણ અતિ સુંદર રીતે દર્શાવાયા હતા.

લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા સેક્રેટરી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મંચ પર હાજર રહી પ્રત્યેક સ્પર્ધકને પ્રોત્સાહિત કર્યા હતાં. પાંચ(૫) વર્ષની ઉંમરના નાના બાળકથી શરૂ કરીને સિતેર(૭૦) વર્ષના સ્પર્ધકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઘણા સ્પર્ધકોના નામ નોંધાયા હતા. દરેકના ઓડિશન લેવાયા હતા અને તેમાંથી યોગ્ય એવા ત્રીસ(૩૦) સ્પર્ધકોને ચુંટવામાં આવ્યા હતા. જેમાં બાળકો, યુવાનો, વયસ્થો અને સીનીયર સીટીઝનો પણ ચુંટાયા હતા. સીનીયર સીટીઝનોએ પુરવાર કર્યુ હતું કે ઉંમરએ ફકત આંકડા જ છે બાકી તો જૂનું તે ખરેખર સોનું છે. બાળકોની તથા યુવાનોની પ્રતિભાને જોઈને સમાજનું ભવિષ્ય ખરેખર ઉજ્જવલિત જણાઈ રહ્યું હતું. વિવિધ સ્થળો જેવા કે ઉરણ, ખપોલી, કલ્યાણ, વિરાર, મુંબઈ, કાંદિવલી, મલાડ, ઘાટકોપર વગેરે સ્થળોએથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના જજ





શ્રીમતી શિલ્પાબેન ગણાત્રા તથા શ્રીમાન કિરણભાઈ શાહએ કાર્યક્રમના અંતે અનુક્રમે દરેક વિભાગમાંથી વિજેતા નામો જાહેર કરીને પુરવાર કર્યુ હતું કે હિરાની પરખ ખરેખર એક ઝવેરી જ કરી શકે છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ તરફથી દરેકે દરેક **Age Group** માં પ્રથમ તથા દ્વિતિય વિજેતાને ઈનામ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અપાયા હતા. આ ઉપરાંત પ્રથમ વિજેતાને મહાનુભાવોના હસ્તે ટ્રોફી પણ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકે દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામો તથા શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ તરફથી સર્ટીફિકેટ પણ અપાયા હતા. કાર્યક્રમની ખાસ વિશેષતાએ હતી કે સમસ્ત લોહાણા સમાજના સ્વસ્થ સ્પર્ધકોની સાથે સાથે માનસિક રીતે નબળા **(Special Child)** ને પણ મંચ પર સુંદર પ્રદર્શનનો લાભ મળ્યો હતો. દરેકે દરેક સ્પર્ધકોએ સુંદર પ્રદર્શન કર્યુ હતું. જજને પણ ન્યાય કરવું મુશ્કેલ બની ગયું હતું.

સમસ્ત લોહાણા સમાજના અનોખા કાર્યક્રમમાં લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, સેક્રેટરી








શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ટ્રેજરર શ્રી નિતિનભાઈ પાંધી, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણી, મહાપરિષદ યુવા સમિતિના પ્રમુખ શ્રી નખિલભાઈ સુબા, લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, કચ્છી મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ માણેક, હાલાઈ મહાજનના ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ પોપટ, શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ (અંધેરી-પાર્લા)ના પ્રમુખ શ્રી જયેશભાઈ જોબનપુત્રા, ઉરણ મહાજનના પ્રમુખ શ્રીમતી સ્વાતિબેન ઠક્કર, વાશી મહાજનના ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન કેસરીયા, કચ્છી મહાજન મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી મીનાબેન સેદાણી, ઉત્સવ કેટરર્સવાળા શ્રી યોગેશભાઈ ચંદારાણા, શ્રીમતી રમાબેન રાજા, શ્રીમતી જ્યોતિબેન રાજા, શ્રી જગુભાઈ પાબારી, શ્રી નેમિષભાઈ સાયાણી, શ્રીમતી વર્ષાબેન સાયાણી વગેરેએ હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. કાર્યક્રમમાં પધારેલા દરેકે દરેક મહાનુભાવોનું દરેક બાળ સ્પર્ધકો દ્વારા પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રીમાન સતીષભાઈ વિઠલાણી, શ્રીમાન પ્રવિણભાઈ કોટક, શ્રીમાન જનકભાઈ ઠક્કર તથા શ્રીમાન હિમાંશુભાઈ ઠક્કરે મીડીયા પાર્ટનર **News Stock Live** ને ઈન્ટરવ્યુ આપ્યા હતા. લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે **News Stock Live** ના પોતાના ઈન્ટરવ્યુમાં શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈની **Vibrant** મહાજન તરીકે ઓળખ આપી અને તેમના સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત **Slide Show** માં દર્શાવાયેલ દરેક કાર્યને બિરદાવ્યું હતું. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી હિમાંશુભાઈ ઠક્કર સાંસ્કૃતિક કાર્યક્રમમાં અથાગ મહેનત કરનાર અને કાર્યક્રમને સફળતાના શિખરે પહોંચાડનાર ચાર(૪) બહેનો શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રીમતી મીરાબેન કેસરીયાને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમના સંચાલિકા શ્રીમતી મીનાબેન મગદાણીએ શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ વતી મહાજનની આખી ટીમ, કાર્યક્રમમાં પધારેલ દરેક દરેક મહાનુભાવો, સ્પર્ધકો, મીડીયા પાર્ટનર **News Stock Live** ના ઉર્વશીબેન, સાઉન્ડ સજાવટના શ્રી જેનીશભાઈ, ઉત્સવ કેટરર્સવાળા શ્રી યોગેશભાઈ ચંદારાણા, કાનબાઈ લાલબાઈ કન્યાશાળાના ટ્રસ્ટીઓ, માનનીય જજ શ્રીમતી શિલ્પાબેન ગણાત્રા તથા શ્રી કિરણભાઈ શાહ, સાંસ્કૃતિક કાર્યક્રમના દરેકે દરેક સહયોગીઓનો તેમણે આપેલ સાથ-સહકાર બદલ ખરા હૃદયથી આભાર માન્યો હતો. અને ત્યારબાદ રાત્રી-ભોજનનો આસ્વાદ માણી, લગભગ રાત્રે ૧૦.૩૦ કલાકે કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો હતો.

## સહયોગીઓ

| | |
|---|---|
| ૧) શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી | - ૫૧,૦૦૦/- |
| ૨) શ્રીમતી સ્મિતાબેન જનકભાઈ ઠક્કર | - ૫૧,૦૦૦/- |
| ૩) શ્રીમતી કોકિલાબેન અજીતભાઈ ઠક્કર | - ૫૧,૦૦૦/- |
| ૪) વજાણી ફાઉન્ડેશન | - ૫૧,૦૦૦/- |
| ૫) ઓશાકા ફર્નીશીંગ | - ૫૧,૦૦૦/- |
| ૬) શ્રીમાન રતનશીભાઈ જીવનરાજ રાજા પરિવાર | - ૫૧,૦૦૦/- |
| ૭) શ્રીમતી વર્ષાબેન નેમિષભાઈ સાયાણી | - ૨૫,૦૦૦/- |
| ૮) શ્રીમતી જ્યોતિબેન કિર્તિભાઈ ઠક્કર | - ૧૧,૦૦૦/- |
| ૯) શ્રીમતી રજનીબેન નવીનચંદ્ર સાયાણી | - ૧૧,૦૦૦/- |
| ૧૦) શ્રીમતી પ્રિતીબેન સુભાષભાઈ સોઢા | - ૧૧,૦૦૦/- |
| ૧૧) શ્રીમતી ગીતાબેન ધમેન્દ્રભાઈ મોદી | - ૧૧,૦૦૦/- |
| ૧૨) શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રા | - ૧૧,૦૦૦/- |
| ૧૩) શ્રીમાન મનોજભાઈ ગઢિયા | - ૧૧,૦૦૦/- |
| ૧૪) શ્રીમાન દેવેન્દ્રભાઈ સોમૈયા | - ૧૧,૦૦૦/- |
| ૧૫) શ્રીમાન મિહિરભાઈ ખખ્ખર | - ૧૧,૦૦૦/- |
| ૧૬) શ્રીમાન પ્રકાશભાઈ મગદાણી | - ૧૧,૦૦૦/- |



# POOJA®

Beautifully Yours

**YOUR ONE STOP DESTINATION FOR FASHION JEWELLERY AND ACCESSORIES**

• Mulund - Tel.: 25928189 • Borivali - Tel.: 2899819 • Andheri (W) - Tel.: 2639 8191
• Bandra - Tel.: 2605 8191 • Ghatkopar - Tel.: 21028191 • Vashi - Tel.: 2780 8191
• Dadar - Tel.: 24368191 • Mira Road - Tel.: 28118191 • Fort - Tel.: 2207 3531 • Churchgate - Asiatic Department store.

Print Master

Chic Ethnics

**BHARAT SEJPAL**
+91 - 7738238623
+91 - 8779618302

## AVNI DESIGNS

202, Chintamani Kutir,
Plot No. 504, Azad Road,
Near Swami Narayan
Atithi Bhavan,
Vile Parle (East),
Mumbai - 400 057. INDIA
Tel.: 91-22-2613 3184
91-22-2615 3336
91-22-2612 6111
Fax : 91-22-2618 5007
E-mail : avnidesi@vsnl.com
avnidesi@mtnl.net.in
avnidesi@gmail.com

## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર પોતાના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૬૮૧૪૯૬૬૦ નંબર પર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.

**JATIN V. POPAT**
Cell : 9223432745

**MITHUN J. THAKKAR**
Cell : 9223508909
9820004830

## HETAL CHEM IMPEX
## PRABHAT TRADING CO.

Importers & Dealears In Chemicals & Solvents

**Off.:** New Anant Bhuvan, Office No. 306, 3rd Floor,
257/265, Narshi Natha Street, Bhat Bazar,
Masjid Bunder (West), Mumbai - 400 009. INDIA
**Tel.: (O) 91 - 22 - 49032121**
**Fax : 91 - 22 - 4903 2131 / 4903 2132**
**E-mail : sales@hetalchem.com**
**Website : www.hetalchem.com**

## થોડીક ઉપયોગી માહિતી

૧૮ થી ૫૦ વર્ષની ઉંમરના દર્દીને ૧ (એક) રૂપિયો પણ ભર્યા વગર ૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ) સુધીનો વીમો ઉતરાવવા માટે. કોન્ટેકટ નંબર - ૭૮૦૨૦૧૨૪૯૯ - અમીતભાઈ જે. પટેલ.

જન્મથી જ બહેરા અને મુંગા બાળકનો ઈલાજ કોકલીયર ઈ પ્લાન્ટ સર્જરીથી શક્ય છે. આ ઑપરેશન ૧૦ થી ૧૨ લાખ રૂપિયામાં થાય છે. લાયન્સ ક્લબ ધોરાજીના પ્રયત્નોથી તે તદ્દન ફ્રી માં સી. યુ. શાહ હૉસ્પિટલ - સુરેન્દ્રનગરમાં કરી આપવામાં આવશે.

અત્યાર, સુધીમાં અમદાવાદના વિખ્યાત ડૉકટર શ્રી વિનોદ ખંધાર સાહેબ દ્વારા ૪૬૮ થી વધુ સર્જરી કરી બાળકોને બોલતા અને સાંભળતા કરેલ છે. લાયન્સ કલબ - ધોરજી - દલસુખભાઈ વાગોડીયા - મોબાઈલ - ૯૮૭૯૫૧૧૭૦૭.

## નોકરી માટે માર્ગદર્શન

નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યોને જરૂરિયાત તથા લાયકાત પ્રમાણે નોકરી મેળવવામાં મદદ કરવામાં આવશે. નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યો, ભાઈઓ તથા બહેનોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, ફોટા સાથે મહાજનની અંધેરી ઑફિસે જમા કરવા.

**સંપર્ક : મોબાઈલ : ૯૯૮૭૨૪૦૪૦૪**

## ખાસ નોંધ

જે સભ્યોને હૉસ્પિટલ ખર્ચ માટેની મદદ જોઈતી હોય તેમણે હૉસ્પિટલમાં દાખલ થનાર સભ્યનું નામ, ઉંમર, સભ્ય ક્રમાંક, રોગની વિગતો, હૉસ્પિટલનું નામ, એડ્રેસ આ બધી જ વિગતો દર્દીને દાખલ કરે તે જ દિવસે વોટ્સએપ દ્વારા મોબાઈલ નંબર - ૯૯૮૭૨ ૪૦૪૦૪ પર મેસેજ દ્વારા મોકલવો ફરજીયાત છે. આ પ્રકારના સંદેશ વગરનો કોઈપણ કલેઈમ સ્વીકારવામાં આવશે નહીં.


Vajani Wealth Management
Vajani Securities Pvt. Ltd.

Services offered by Vajani Wealth Management

- Equity
- Mutual Funds
- Portfolio Management Services
- IPOs
- Fixed-Income
- Private Equity
- Alternate Investment Funds
- Real Estate Funds

301/302, Sangam Arcade, Vallabhai Patel Road,
Vile - Parle (W), Mumbai - 400 056,
Contact: 022-26127723, 9987053355. Email: info@vajani.in

# BEST WISHES FROM RASHMI & SATISH VITHALANI

A touch of Art to turn the ordinary into extraordinary.



When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.

OUR PRODUCT RANGE

- Glass Seed Beads
- Pressed Glass Beads
- Fire Polished Faceted Glass Beads
- Machine Cut Glass Beads
- Machine Cut Loch Roses
- Machine Cut Chaton Roses (Hotfix)
- Machine Cut Chatons
- Brilliant / Extra Brilliant Chatons
- Fire Polished Moulded Chatons
- Cup Chains
- Sew on Cups



Art Group's products help embellish

• Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings • Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear • Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.

Parent Brand KRUPA™

ART GROUP™

Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com



MUMBAI'S BIGGEST FURNISHINGS SHOWROOM

ESTD. 1971

# OSAKA™

SPIRIT OF FURNISHINGS

## OSAKA FURNISHINGS LIMITED

www.osakafurnishings.com

Most trusted name since 1971 for exclusive furnishings and home linen.
More than 1 lac satisfied customers from world over.
All major brands available

SOFA FABRICS - CURTAIN FABRICS - UPHOLSTERIES - READY-MADE CURTAINS - LINEN
MATTRESSES - DESIGNER BEDSHEETS - CARPETS - PILLOWS - CUSHION COVERS

MAKE TO ORDER SOFA SETS & STITCHING FACILITY AVAILABLE.
EXCLUSIVE PACKAGES FOR INTERIOR DESIGNERS , BUILDERS & NEW HOME BUYERS

*Conditions apply



we are looking for young people from our community for career opportunity with us in slaes and marketing - pls call on 9769625425

| Vile Parle (W) | Borivali (W) | Virar (W) | Rajkot (W) |
|---|---|---|---|
| Opp Mc Donald, Nirmal, Dashrathlal Joshi Marg. | Next to Poiser Bus Depot, S.V. Road. | Yeshwant Vihar Complex, Near M.G.M. School, Bolinj Road. | Destination Plus, Amin Marg (Sunday Close) |
| Tel : 26146008 / 26122124 | Tel : 28612945 /46/55/56/59 | Tel : 0250- 2511009, 9028002929 | Mob : 09227263513 |

# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Arogya Bhavan



Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.

**Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose**

### Key features

* 14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
* 2 Air conditioned Banquet halls measuring about 4000 sq.ft. each.
* Room charges per day - Rs 1950/- plus taxes for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner.
* Extra person in room - Rs 800/-plus taxes for each pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner. (maximum 2 pax )
* Room for Lohana community - Rs 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner and Extra person in room - Rs. 500/- plus taxes for each pax.
* Car parking and Driver Charges Extra.

## For information & reservation

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003
Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724
Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org

From :

**Ghoghari Lohana Samajik Sandesh**

Lohana Bhuvan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.

Printed and Published by SATISH D. VITHALANI on behalf of SHREE GHOGHARI LOHANA MAHAJAN, Printed at THAKKAR CREATION 1, NEW JALARAM NIKETAN, M. D. ROAD, KANDIVALI (EAST), MUMBAI 400 101 and Published from SHREE GHOGHARI LOHANA MAHAJAN, BLOCK A, LOHANA BHUVAN, GROUND FLOOR, PALIRAM ROAD, BEHIND MUNICIPAL HOSPITAL, ANDHERI (WEST), MUMBAI 400 058. Editor : RAMESH HIRALAL GADHIA